
# પ્રેરિતોના કૃત્યો-સેવા માટે દોરવણી

બાળકોને શીખવનારે અભ્યાસ વાંચી જવો.

**પ્રાર્થના** : હે પ્રભુ, તમારા માટે સાક્ષીરૂપ થવા માટે પ્રે૧ઃ૮માં આપેલ તમારી પ્રતિજ્ઞા પ્રમાણે અમને પવિત્ર આત્માની તાકાત આપો.

**૧. દેવના વચન માટે પ્રાર્થના સહિત તૈયાર થાઓ.**

લુક, જેણે એક સુવાર્તા પણ લખી છે તેણે પ્રેરિતોના કૃત્યો લખીને, કેવી રીતે મંડળીની શરૂઆત યરૂશાલેમમાં થઈ અને રોમન સામ્રાજયમાં યહુદી અને બિનયહુદીઓ વચ્ચે તેનો ફેલાવો થયો અને પછી એશિયા, આફ્રિકા અને યુરોપમાં તે આગળ વધી તેનું વૃતાંત આપ્યું છે. ઈસ્ત્રાએલ, રોમ, સ્પેન, ઈજીપ્ત વિ.ને આવરી લેતો નકશો




નકશા નીચેનું લખાણ-પ્રેકૃ.૧ઃ૮માં દેવના રાજયના ફેલાવા માટેનું આપણું પાયાનું બળ છે.

**પ્રેકૃ.૧ઃ૮**માં ચાર સ્થળો છે જયાં તેમણે સુવાર્તા પ. આત્માના સામર્થ્યમાં પ્રગટ કરી.

૧) **યરૂશાલેમ** પ્રતિકાત્મક રૂપે આપણે જયાં રહીએ છીએ તે વિસ્તાર. તમારૂં યરૂશાલેમ ક્યું છે ?

૨) **યહુદા** પાસેના વિસ્તારના લોકો કે જેઓ અન્ય સંસ્કૃતિના છે. તમારૂં યહુદા કયું છે ?

૩) **સમરૂન** પાસેના વિસ્તારના તે જ સંસ્કૃતિના લોકો તમારૂં સમરૂન કયું છે?

૪) **પૃથ્વીના છેડા સુધી** નકારાયેલા દૂરના લોકો જેઓની પાસે તમે જાવ તેવી દેવની ઈચ્છા છે.

**પ્રેકૃ.૧ઃ૧૪**માં ઈસુએ કરેલ પ્રતિજ્ઞા પ્રમાણે પવિત્ર આત્માની રાહ જોતા શિષ્યો શું કરતા હતા ?

**પ્રેકૃ.૨માં** રાહ જોતા શિષ્યોને પવિત્ર આત્મા ભરપૂરપણે મળ્યો ત્યારે શું થયું ? પવિત્ર આત્માએ શું તેમને એક અજીબ અનુભવ માટે ભરપૂર કર્યા કે સાક્ષી બનવા માટે ?

- **પ્રેકૃ ૨ : ૨૪-૩૨**માં પિતરના પરાક્રમસભર સંદેશામાં ઈસુના મરણ ઉપરાંત શેના ઉપર ભાર મુકવામાં આવ્યો છે ?
- **પ્રેકૃ.૨ : ૩૭-૪૭** ઈસુની આજ્ઞાને આધિન થઈને વિશ્વાસીઓએ સાત બાબતો કરી.

પ્રેકૃ.ના બીજા અધ્યાયોમાંથી **શોધો.**

૩ જો અધ્યાય : આપણે ઈસુના નામમાં દેવબાપને પોકાર કરીએ તો આપણે શી આશા રાખી શકીએ ?

૪ થો અધ્યાય : જયારે શત્રુની સત્તાઓ આપણને ડરાવે તો આપણે શું કરી શકીએ.

૫ મો અધ્યાય : પોતા પર આધાર રાખનારાઓ પ્રત્યે દેવે શું કર્યુ ?

૬ ઠો અધ્યાય : જરૂરિયાત વાળા લોકોની કાળજી માટે મંડળીએ શું કર્યુ ?

૭ મો અધ્યાય : સ્તેફને ઈસ્ત્રાએલના ઈતિહાસનું ટૂંક વર્ણન કર્યુંત્યારે તેમના આગેવાનો કોપાયમાન થયા. તેમણે તેને શું કર્યું?

૮ મો અધ્યાય : ફિલીપે સમરૂનમાં કેવી રીતે કામ શરૂ કર્યું અને સિમોને (જાદુગર) પ્રેરિતોને કેમ પૈસા આપવા માંડ્યા ?

૯ મો અધ્યાય : ખ્રિસ્તીઓના સૌથી કટ્ટર માનવશત્રુને દેવે કેવી રીતે પસ્તાવો કરવા તરફ દોર્યો.

૧૦-૧૧ અધ્યાય : વિશ્વાસી યહુદીઓને દેવે કેવી રીતે ખાતરી કરાવી કે વિદેશીઓ પણ પવિત્ર આત્મા પામ્યા છે.

૧૨મો અધ્યાય : હેરોદ રાજાએ યાકૂબનું શું કર્યું ? પીતર કેવી રીતે તેના હાથમાંથી છૂટકારો પામ્યો ?

૧૩-૧૪ અધ્યાય : પાઉલને દૂરના દેશોમાં કોણે મોકલ્યો, તેની સાથે કોણ ગયું તેમણે કેવી રીતે વિશ્વાસી શિષ્યો મેળવ્યા.

૧૫મો અધ્યાય : વિધર્મી વિશ્વાસીઓ કે જેઓ યહુદી નિયમશાસ્ત્ર પાળતા ન હતા તેઓનો અંગીકાર કરવા દેવે યહુદીઓની કેવી રીતે સહાય કરી.

૧૬મો અધ્યાય : પહેલી મંડળી યુરોપ અને ફિલીપ્પીમાં કેવી રીતે શરૂ થઈ અને પાઉલે જેલના દરોગાને કઈ પ્રતિજ્ઞા આપી?

૧૭મો અધ્યાય : જુદી જુદી રીતોએ યહુદીઓએ મેળવેલ પાઉલનો સંદેશો.

૧૮મો અધ્યાય : કોરીંથમાં પાઉલે પોતાનો બચાવ કઈ રીતે કર્યો અને તેના માણસોએ આપોલસ માટે શું કર્યું ?

૧૯-૨૦ અધ્યાય : એફેસસના કેટલાક બનાવોમાં કેવી રીતે હુલ્લડ થયું અને તેણે વરૂઓ વિષે કેવી ચેતવણી આપી.

૨૧-૨૮અધ્યાય : યરૂશાલેમમાં પાઉલને જેલમાં પૂરવામાં આવ્યો, તેના ઉપર ચાલેલું કામ અને રોમ જતા રસ્તામાં શું થયું?

**૨. તમારા ટોળાના લોકો માટે પ્રેરિતોના નમૂના પ્રમાણે ચાલુ અઠવાડિયાના કામો માટે આયોજન કરો.**

- જે લોકો ખ્રિસ્તને જાણતા નથી તેવા લોકોને સાક્ષી આપવા વિશ્વાસીઓ જાય તેવું આયોજન કરો.
- આ કાર્યો પ્રાર્થના અને પવિત્ર આત્માના સામર્થ્યમાં તેઓ કરે જે પ્રમાણે પ્રેરિતો કરતા હતા તેવું આયોજન કરો.
- તમારા 'યહુદા' 'સમરૂન ' અને 'યરૂશાલેમ' માં કામ કરવા માટે મોટા પાયાનું આયોજન કરો.

**૩. હવે પછીની ભજનસેવાનું સાથીદારો સાથેનું આયોજન કરો.**

ચાલુ જરૂરિયાતો અને સ્થાનિક રસમ પ્રમાણેની પ્રવૃત્તિઓ પસંદ કરો.

સાક્ષીઓ માટે તૈયારી કરો. ભજનસેવા દરમ્યાન વિશ્વાસીઓને ઈસુ માટે સામર્થ્ય સહિત સાક્ષી આપવા માટે તૈયાર કરો તમે અથવા તમારો મદદગાર પ્રેરીત ૧-૮ વાંચે ત્યારે બે બાબતો ધ્યાનથી સાંભળવાનું તેમને કહો.

- પહેલું સજીવન થયેલા ઈસુ વિષેની વાત બીજાને કહેવા માટે આપણને કોના તરફથી સામર્થ્ય મળે છે.
- બીજુ- પવિત્રઆત્માના સામર્થ્યમાં સાક્ષી આપવા માટે પ્રેરિતો કઈ ચાર જગ્યામાં ગયા.
- વાંચ્યા પછી લોકોને એ બે પ્રશ્નોના જવાબ આપવા દો અને તે વિષે વાત કરવા દો, જો તેઓ કરી શકે તો.

જે ચાર જગ્યાઓમાં પ્રેરિતોએ ઈસુને માટે સાક્ષી પુરી તે ચાર જગ્યાઓ આપણે માટે શું અર્થ ધરાવે છે. તે પુછો (જવાબ ઉપર ભાગ-૧ છે) પછી તમારા 'યહુદા'અથવા 'સમરૂન ' કે જેઓ ઈસુ વિષે જાણતા નથી એવા લોકો માટે પ્રાર્થના કરો.

**બાળકોને નાટક** ગીત અને પ્રશ્નો જે તેમણે તૈયાર કર્યા હોય તે **રજુ કરવા દો.**

પ્રેકૃ.૧ : ૮ મુખપાઠ કરો.

તમારા સાથીદારો સાથે અઠવાડિયા દરમ્યાન લોકોને પ્રભુઈસુ વિષે કહેવા માટે જે આયોજન કર્યું હોય તે સમજાવો. આ કાર્ય માટે સારી રીતે વ્યવસ્થા કરો. વિશ્વાસીઓ જેની મુલાકાત લેશે તે વિષે તેમને વાત કરવા દો.

નવા શિષ્યને પ્રભુઈસુના પાયાની આજ્ઞાઓને આધિન થવા માટે મદદરૂપ થવા તૈયાર થાવ. તમે કે તમારા મદદગાર પ્રેરિત ૨ઃ૩૭-૪૭ વાંચે તે પહેલાં વિશ્વાસીઓને કહો કે ત્રણ હજાર તારણ પામેલાઓએ યરૂશાલેમમાં ઈસુની આજ્ઞાને આધિન થવા માટે જે બાબતો કરી તે ધ્યાનથી સાંભળો. પચાસમાના પર્વ પછી ઈસુને આધિન થવા માટે નવા વિશ્વાસીઓએ જે સાત બાબતો કરી તે તમારા મદદગારો શબ્દનો ઉપયોગ કર્યા વગર તમને કરી બતાવશે તે સમજાવો. તે બાબતો કઈ હશે તેની ધારણા કરવા વિશ્વાસીઓને કહો.

૧) **પસ્તાવો** જે મદદગારોને કઈ પણ બોલ્યા વગર પસ્તાવો દેખાડવા માટે તૈયાર કરો.

- રૂમની એક બાજુએ એક જણ શેતાનની જેમ ઘુરક્યા કરે છે અને હાથ વડે બીજાને પોતાની પાસે બોલાવે.
- બીજો ધીમેથી તેની પાસે આવે બધા જોઈ જશે તેવી બીક લાગતી હોય તેમ ચારેયબાજુ જોતો જોતો આવે. જયારે પાસે આવી જાય ત્યારે ઉભો રહે તેના હૃદય ઉપર હાથ મુકે અને પ્રાર્થના કરતો હોય તેવું કરે પછી તે પાછો ફરી જાય અને બીજા રસ્તેથી જતો રહે.
- લોકોને પુછો આ શુ કરવામાં આવ્યુ. પસ્તાવાનો અર્થ આપણુ હૃદય બદલાઈ જવું પાછા ફરી જવું અને બીજા રસ્તે જવું. પાપથી દૂર, તેની તરફ નહી.

૨) **બાપ્તિસ્મા :** એક મદદગાર કોઈને બાપ્તિસ્મા આપતો હોય તેવો અભિનય કરે. (લોકોને ધારણા કરવા દો.)

૩) **દેવના વચન અને શિક્ષણ :** એક જણ ખુલ્લુ બાઈબલ હાથમાં ઉંચુ પકડીને ઉભો રહે અને આંગળી વડે પાના પરના વચનો જાણે બીજા માણસને સમજાવતો હોય તેવો અભિનય દરેકના દેખતા કરે (દરેક માણસને ધારણા કરવા દો.)

૪) **સંગત :** એકબીજાને પ્રેમ કરવો. એક મદદગાર બીજા મદદગાર ને ભેટે (પુરૂષ પુરૂષને અથવા સ્ત્રી સ્ત્રીને ભેટે અથવા દેશની સંસ્કૃતિ પ્રમાણે ખ્રિસ્તી પ્રેમ જે રીતે બતાવી શકાતો હોય તે રીતે એકબીજા પ્રત્યે બતાવો. (લોકોને ધારણા કરવા દો)

૫) **રોટલી ભાંગવી (પ્રભુની મેજ) :** એક મદદગાર બીજાને રોટલી આપતો હોય તેવું બતાવે પછી જાણે પ્યાલો આપતો હોય તેવો દેખાવ કરે. બીજો માણસ રોટલી ખાવાનો તેમજ પ્યાલો પીવાનો અભિનય કરે. (લોકોને ધારણા કરવા દો.)

૬) **પ્રાર્થના :** બે મદદગારો શાંત ચિત્તે પ્રાર્થના કરતા હોય તેવો દેખાવ કરે (લોકોને ધારણા કરવા દો.)

૭) **આપવું :** એક મદદગાર બીજાને મદદરૂપે કંઈ આપતો હોય તેવો દેખાવ કરે. બીજો કોઈ બોલ્યા વગર ખુબ આભારીપણુ બતાવે. (લોકાએ ધારણા કરવી)

પ્રેરિતોએ શું કર્યું તે સમજાવે. પ્રેરિતોમાંથી એક અથવા વધારે બનાવો પસંદ કરો અને તે વાત સભામાં વાંચી જાઓ અથવા કરી બતાવો. જો બાળકો અને મોટાઓ નાટક સ્વરૂપે તે રજુ કરે તો તે વધારે અસરકારક થશે. વિશ્વાસીઓ તેમાંથી શું શીખ્યા તે તેમને પુછો પરિણામે તે શુ આયોજન કરે છે તે પુછો.

પ્રભુની મેજની સેવા માટે પ્રેરિત૨૦ઃ૭ વાંચો. સમજાવો કે પ્રેરિતોના કૃત્યોમાં વિશ્વાસીઓ અઠવાડિયાના પહેલે દહાડે ઈસુના પુનરૂત્થાનના દિવસે પ્રભુ ની મેજ માટે એકઠા મળતા હતા.

બે કે ત્રણના ગૃપમાં પ્રાર્થના અને મદદ માટે ભેગા મળો. એકબીજાને સાક્ષી અને ઉત્તેજન માટેનું આયોજન દૃઢ કરો.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net